ગાંધીનગર સમાચાર

# લાહોર ચર્ચ બ્લાસ્ટ : ૨૦ના મોત, ૫૦થી વધુ ઘાયલ

## સામૂહિક પ્રાર્થના દરમિયાન જ આત્મઘાતી હુમલાખોરોએ ચર્ચના પ્રવેશ દ્વાર ઉપર બ્લાસ્ટ કર્યા





લાહોર,તા. ૧૫

પાકિસ્તાનમાં આજે ફરી એકવાર આતંકવાદીઓએ રક્તપાત સર્જીને ભારે ખળભળાટ મચાવી દીધો હતો. બે તાલિબાની આત્મઘાતી બોંબરોએ આજે સામૂહિક પ્રાર્થના દરમિયાન બે ભરચક ચર્ચમાં બ્લાસ્ટ કર્યા હતા જેમાં ઓછામાં ઓછા ૨૦ લોકોના મોત થયા હતા અને ૫૦થી વધુ લોકો ઘાયલ થયા હતા. પંજાબના પાટનગર લાહોરમાં પાકિસ્તાનના સૌથી મોટા ચર્ચમાં આ બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. હુમલાખોરોએ આજે રવિવારની સામૂહિક પ્રાર્થના દરમિયાન લાહોરના રોમન કેથોલિક ચર્ચ અને ક્રાઈસ્ટ ચર્ચના પ્રવેશ દ્વાર ઉપર બ્લાસ્ટ કરવામાં આવ્યા હતા. આ હુમલાની જવાબદારી આતંકવાદી સંગઠન તહેરિકે તાલિબાન પાકિસ્તાનના ગ્રુપ જમાતુલ અહરાર દ્વારા સ્વીકારવામાં આવી છે. યોહાનાબાદમાં કરવામાં આવેલા આ હુમલા બાદ ખ્રિસ્તી સમુદાયના લોકોમાં ભારે નારાજગીનું મોજુ ફરી વળ્યું હતું. ખ્રિસ્તી સમુદાયને ટાર્ગેટ બનાવીને આ હુમલો કરાયો હતો. પાકિસ્તાનમાં અગાઉ પણ ખ્રિસ્તી સમુદાયના લોકોને ટાર્ગેટ બનાવીને હુમલા કરવામાં આવી ચુક્યા છે. બંને આત્મઘાતી બોંબરોએ ચર્ચના ગેટ ઉપર બ્લાસ્ટ કર્યા હતા. બ્લાસ્ટ એટલા પ્રચંડ હતા કે કેટલાક લોકોના ઘટના સ્થળે જ મોત થઈ ગયા હતા. અન્ય લોકોએ હોસ્પિટલ પહોંચતા અથવા તો રસ્તામાં દમ તોડી દીધો હતો. અફડાતફડી અને અંધાધૂંધી દરમિયાન બે શકમંદોની ધરપકડ કરવામાં આવી છે જે પૈકી બંનેને નારાજ લોકોએ મારમારીને મોતને ઘાટ ઉતારી દીધા હતા. અહેવાલ મુજબ તેની પાસેથી હથિયાર અને વિસ્ફોટક મળ્યા હતા. તહેરિકે તાલિબાન પાકિસ્તાનથી સંબંધ ધરાવનાર અને થોડાક સમય પહેલા તેનાથી અલગ થયેલા સંગઠન જમાતુલ અહરાર દ્વારા હુમલાની જવાબદારી સ્વીકારવામાં આવી છે. હુમલામાં ૫૦થી વધુ લોકો ઘાયલ થયા છે. હુમલો કરવામાં આવ્યો હતો ત્યારે ચર્ચમાં મોટી સંખ્યામાં લોકો હતા. પંજાબ ઈમરજન્સી સર્વિસના પ્રવક્તાએ કહ્યું છે કે, ઘાયલ થયેલા લોકોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા છે. ઘણાની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આતંકવાદીઓને ચર્ચના પ્રવેશ દ્વાર પર પોલીસ અને સ્થાનિક લોકોએ રોક્યા હતા. હુમલા બાદ અન્ય બે શકમંદો ઉપર હુમલો કરી દેવામાં આવ્યો હતો. આ પૈકી બંનેને સળગાવી દેવાયા હતા. બે શકમંદો આત્મઘાતી બોંબરના સાગરિતો હોવાનું જાણવા મળ્યું છે. નારાજ લોકોએ બંનેને માર માર્યા બાદ સળગાવી દીધા હતા. આ શકમંદોએ આત્મઘાતી બોંબરોના સાગરિત હોવાની કબૂલાત કરી હતી. ઓપરેશન ઉપર નજર રાખવા માટે તેઓ આવ્યા હતા. ડેપ્યુટી ઈન્સ્પેક્ટર જનરલ લાહોર હૈદર અશરફે કહ્યું છે કે, બંને બ્લાસ્ટ આત્મઘાતી હુમલા હતા. પાકિસ્તાનમાં લઘુમતિ સમુદાયને આતંકવાદી સંગઠનો અને કટ્ટરપંથીઓ દ્વારા વારંવાર હુમલા કરવામાં આવે છે. પ્રાપ્ત અહેવાલ મુજબ હોસ્પિટલમાં પણ ભારે અંધાધૂંધી ફેલાઈ ગઈ છે. જનરલ હોસ્પિટલની બહાર દેખાવકારોએ ભારે દેખાવો કર્યા હતા. વડાપ્રધાન નવાઝ શરીફ સામે પણ દેખાવો થયા હતા. ચર્ચમાં સુરક્ષા નહીં આપવાનો આક્ષેપ કરાયો હતો.

# કિલર સ્વાઈન ફ્લુથી દેશમાં મોતનો આંક વધીને ૧૬૭૪

નવી દિલ્હી, તા. ૧૫

દેશમાં સ્વાઈન ફ્લુના કારણે વધુ ૪૭ લોકોના મોતની સાથે જ મોતનો આંકડો વધીને હવે ૧૬૭૪ સુધી પહોંચી ગયો છે. જ્યારે સ્વાઈન ફ્લુના કારણે અસરગ્રસ્ત રહેલા લોકોની સંખ્યા વધીને ૨૯૦૦૦ સુધી પહોંચી ગઈ છે.કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયદ્વારા જારી કરવામાં આવેલા આંકડા દર્શાવે છે કે ૧૩મી માર્ચના દિવસે મોતનો આંકડો વધીને ૧૬૭૪ સુધી પહોંચી ગયો હતો. જ્યારે અસરગ્રસ્ત લોકોની સંખ્યા વદીને ૨૯૧૦૩ સુધી પહોંચી ગયો હતો. મંત્રાલય દ્વારા આંકડા જારી કરવામાં આવ્યા જેમાં જણાવવામાં આવ્યું છે કે, ૧૨મી માર્ચ સુધી ૧૬૨૭લોકોના મોત થઈ ચુક્યા છે જ્યારે આ ગાળા સુધી અસરગ્રસ્તોની સંખ્યા ૨૮૪૪૧ નોંધાઈ હતી. ૬૭ લોકોના સેમ્પલો શંકાસ્પદ આવ્યા બાદ નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ કોલેરા ખાતે મોકલી દેવામાં આવ્યા છે. સ્વાઈન ફ્લુના કારણે ગુજરાતમાં મોતનો આંકડો સૌથી વધારે નોંધાયો છે. ગુજરાતમાં સ્વાઈન ફ્લુથી ૧૨મી માર્ચ સુધી ૩૭૫ લોકોના મોત થયા હતા અને અસરગ્રસ્તોની સંખ્યા ૬૦૩૨ નોંધાઈ હતી. રાજસ્થાનમાં પણ સ્વાઈન ફ્લુથી ૩૭૨ના મોત થઈ ચુક્યા છે જ્યારે અસરગ્રસ્તોની સંખ્યા ૬૧૫૪ છે. રાજસ્થાનમાં સ્વાઈન ફ્લુને રોગચાળા તરીકે જાહેર કરીને તેની સામે પગલા લેવામાં આવ્યા છે. સ્વાઈન ફ્લુના કારણે દેશના મોટાભાગના રાજયો અસરગ્રસ્ત થયા છે જેમાં બંગાળનો પણ સમાવેશ થાય છે. ઉત્તરપ્રદેશમાં પણ કેસોની સંખ્યા વધી છે. રાજસ્થાનમાં મોતનો આંકડો સતત વધી રહ્યો છે. મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, દિલ્હી, તેલંગાણા, પંજાબ, કર્ણાટક, જમ્મુ કાશ્મીર, છત્તીસગઢ, આંધ્રપ્રદેશમાં પણ કેસો નોંધાયા છે. એમઆઈટી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં દાવો કરાયો છે કે, ભારતમાં સ્વાઈન ફ્લના વાયરસને રોકવા માટે પગલા લેવાઈ રહ્યા છે પરંતુ વાયરસ ખુબ જ ગંભીર અને અગાઉ કરતા વધારે ઝડપથી ફેલાય તેવા છે.

ભાજપ સરકારનો વિવાદાસ્પદ નિર્ણય

# ગોવામાં ગાંધી જ્યંતિની સરકારી રજા રદ કરાઈ

પણજી ,તા.૧૫

ગોવાની ભાજપ સરકારે એક વિવાદાસ્પદ નિર્ણય કર્યો છે. બીજી ઓક્ટોબરના દિવસે ગાંધી જ્યંતિની રજાને સરકારી રજાઓની યાદીમાંથી દૂર કરી દેતા હોબાળો મચી ગયો છે. કોંગ્રેસે ભાજપ સરકારના આ નિર્ણય ઉપર પ્રતિક્રિયા આપતા કહ્યું છે કે, ગાંધી જ્યંતિ રાષ્ટ્રીય રજા છે. ગોવા સરકાર પણ આનું પાલન કરે તે જરૂરી છે. કોંગ્રેસના નેતા આનંદ શર્માએ કહ્યું છે કે, ગોવા સરકાર આ પ્રકારના નિર્ણય કરી શકે નહીં. ગાંધીજી રાષ્ટ્રપિતા છે. ગયા વર્ષે પણ બાળકોને બીજી ઓક્ટોબરના દિવસે સ્કૂલ જવા માટે કહેવામાં આવ્યું હતું. ગોવા સરકારે નાગરિક અધિકાર અને અંગતતાના મામલામાં જવાબ આપવા જોઇએ. ૨૦૧૫ની સત્તાવાર રજા યાદીનો આંકડો આપતા જણાવવામાં આવ્યું છે કે, રાષ્ટ્રપિતાની જ્યંતિને યાદીમાંથી દૂર કરવામાં આવી છે. બાબા સાહેબ આંબેડકરના જન્મદિવસ, ગણેશ ચતુર્થી, સ્વતંત્રતા દિવસ જેવી રજાને રજા જ રાખવામાં આવી છે. કોંગ્રેસના પ્રવક્તા કામતનું કહેવું છે કે, ભાજપ સરકારના ગુપ્ત એજન્ડાને આ તમામ બાબતો રજૂ કરે છે.

પાંચ કરોડ સભ્યોને રાહ જોવી પડશે

# ઓનલાઈન પીએફ ઉપાડ માટે સુવિધામાં હજુ સમય લાગશે

નવીદિલ્હી,તા. ૧૫

પાંચ કરોડથી વધુ ઈપીએફઓના સભ્યોને ઓનલાઈન પીએફ ઉપાડવાની સુવિધાનો ઉપયોગ કરવામાં હજુ થોડાક સમયની રાહ જોવી પડશે. કારણ કે, રિટાયર્ડમેન્ટ ફંડ બોડી આ વ્યવસ્થાને ફુલપ્રુફ રાખવા માંગે છે. આ ફેસિલિટીની શરૂઆત કર્યા બાદ ગ્રાહકો પીએફના ઉપાડ માટે ઓનલાઈન અરજી કરી શકશે. પીએફ તેમના બેંક ખાતામાં સીધીરીતે ટ્રાન્સફર કરવામાં આવશે. હાલમાં એમ્પ્લોઈઝ પ્રોવિડંડ ફંડ ઓર્ગેનાઈઝેશન સાથે તેમના ખાતા સેટલ કરવા ઈચ્છુક લોકોને પીએફ ઉપાડવા માટે શારીરિક રીતે અરજી કરવાની હોય છે. એક વરિષ્ઠ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આના ઉપર કામ ચાલી રહ્યું છે પરંતુ આને લોંચ કરતા પહેલા સિસ્ટમ ફુલપ્રુફ બનાવવામાં આવશે. તેમણે એમ પણ કહ્યું હતું કે, પીએફ એકાઉન્ટ ઓનલાઈન સેટલ કરવા માટે ખાતાઓને આધાર ડેટાબેઝનો ઉપયોગ કરીને ઓનલાઈન વેરિફાઈ કરવામાં આવશે જેથી પીએફ ખાતા સાથે આધાર નંબર જરૂરી રહેશે. તમામ પીએફ ખાતાઓ હજુ સુધી આધાર સાથે જોડવામાં આવ્યા નથી. ઉપલબ્ધ માહિતી મુજબ ઈપીએફઓને ઘણા બધા પગલા લેવાની જરૂર રહેલી છે. ઈપીએફઓ વેબસાઈટ ઉપર ઉપલબ્ધ આંકડા મુજબ બોડી દ્વારા ૪.૩૭ કરોડ યુએએન જારી કર્યા છે જ્યારે ૫૨.૨૬ લાખ ખાતા ધારકોએ તેમના પોર્ટેબલ પીએફ ખાતા સાથે સિડિંગ માટે આધાર નંબરો આપ્યા છે. અધિકારીઓનું કહેવું છે કે, આધાર નંબર આપવાની બાબત ગ્રાહકો માટે ફરજિયાત કરવામાં આવી નથી પરંતુ વિડ્રોઅલ જેવી હાઈ વેલ્યુ ઓનલાઈન ટ્રાન્ઝિકન્શન માટે આ જરૂરી રહેશે. અધિકારીઓનું કહેવું છે કે, આધારનંબર લેવાના લાભ અંગે લોકોમાં જાગૃતિ જગાવવામાં આવશે. સમયે સમયે કેમ્પનું આયોજન કરીને પ્રોજેક્ટ હેઠળ તેના ગ્રાહકોની નોંધણી કરવાના પ્રયાસ થશે.

## જમ્મુમાં પાક.ના સૈનિકોનો ફરી ગોળીબાર

જમ્મુ,તા. ૧૫

પાકિસ્તાની રેન્જર્સે આંતરરાષ્ટ્રીય સરહદ અને અંકુશ રેખા ઉપર ગોળીબાર કરી તંગદિલી ઉભી કરવાના પ્રયાસો જારી રાખ્યા છે. પોલીસે આજે માહિતી આપતા કહ્યું હતું કે, જમ્મુ કાશ્મીરમાં બીએસએફ ચોકી ઉપર પાકિસ્તાની સૈનિકોએ ગોળીબાર કર્યો હતો. પાંચથી છ રાઉન્ડ ગોળીબાર કરાયો હતો. જો કે, જાનમાલનના નુકસાનના કોઈ સમાચાર મળ્યા નથી. અત્રે ઉલ્લેખનીય છે કે, પાકિસ્તાની સૈનિકોએ ફરીએકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ગઈકાલે પણ ગોળીબાર કર્યો હતો. જમ્મુ પ્રદેશના સાંબા જિલ્લામાં બીએસએફની ચોકી ઉપર ગોળીબાર કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની સૈનિકોએ રામગઢ સેક્ટરમાં તેમની હુસૈન સરહદી ચોકીથી બીએસએફની ચોકી ઉપર ગોળીબાર કર્યો હતો. આ બનાવ મોડી રાત્રે બન્યો હતો. બીએસએફના જવાનો આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર ફરજ બજાવી રહ્યા છે જ્યારે સેનાના જવાનો જમ્મુ કાશ્મીરમાં અંકુશરેખા ઉપર ફરજ બજાવી રહ્યા છે. છેલ્લા બે ત્રણ દિવસથી પાકિસ્તાની સૈનિકો દ્વારા ફરી એકવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવી રહ્યો છે.અત્રે ઉલ્લેખનીય છે કે, જમ્મુ કાશ્મીરના સાંબા જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પર થોડાક સમય સુધી શાંતિ રહ્યા બાદ ૧૨મી તારીખે પણ પાકિસ્તાની સૈનિકોએ ફરી એકવાર જોરદાર ગોળીબાર કર્યો હતો. પાકિસ્તાન દ્વારા કરવામાં આવેલા ગોળીબારમાં કોઈ નુકસાન થયું નથી. પાકિસ્તાની જવાનો સ્થિતીને વારંવાર ગોળીબાર કરીને તંગ બનાવે છે.

# નન ગેંગરેપ કેસમાં આઠને પોલીસ કસ્ટડીમાં લેવાયા

કોલકાતા,તા. ૧૫

પશ્ચિમ બંગાળના નાદિયા જિલ્લામાં ૭૨ વર્ષની એક નનની સાથે સામૂહિક બળાત્કારના મામલામાં આઠ લોકોને અટકાયતમાં લેવામાં આવ્યા છે. પોલીસે સીસીટીવીના આધાર પર તેમની ઓળખ કરી લીધી છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, કસ્ટડીમાં લેવામાં આવેલા લોકો ભૂતકાળમાં પણ આવી ગતિવિધિમાં સામેલ રહ્યા છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. આ મામલો શનિવારનો છે જ્યારે સાતથી આઠ જેટલા એક સ્કૂલમાં ઘુસી ગયા હતા અને પહેલા તો લુંટફાટ ચલાવી હતી ત્યારબાદ ૭૨ વર્ષીય નન ઉપર ગેંગરેપ ગુજારવામાં આવ્યો હતો. રાજ્ય સરકાર બળાત્કારીઓને પકડી પાડવા માટે એક લાખ રૂપિયા ઈનામ આપવાની પણ જાહેરાત કરી ચુકી હતી. ગેંગના સભ્ય ૧૨ લાખ રૂપિયા લઈને પણ ફરાર થઈ ગયા હતા. સવારમાં આ મામલો સપાટી ઉપર આવ્યા બાદ સ્કૂલના અધિકારીઓએ નનને રાણા ઘાટ હોસ્પિટલમાં પહોંચાડી હતી. નનની સ્થિતિ હાલમાં સુધારા ઉપર હોવાનું જાણવા મળ્યું છે.

શનિવારના દિવસે મુખ્યમંત્રી મમતા બેનરજીએ આ ઘટનાને માનવતાની સામે અપરાધી ગણાવીને કહ્યું હતું કે, ઘર વાપસી જેવા અભિયાનની આડમાં ધર્મના નામ ઉપર રાજનીતિ થઈ રહી છે. મમતા સરકારના પ્રધાન ફરહાદ હકીમે એમ કહીને વિવાદ છેડી દીધો હતો કે, આની પાછળ વિશ્વ હિન્દુ પરિષદનો હાથ હોઈ શકે છે. સમગ્ર મામલાથી બંગાળ સરકાર હચમચી ઉઠી છે. આઠ શખ્સો પાસેથી વધુ માહિતી એકત્રિત કરવાના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે.

## મોનોરેલ ટ્રેન ટ્રેકમાં જ ફસાતા દહેશત ફેલાઈ

મુંબઈ, તા. ૧૫

મુંબઈમાં મોનોરેલ ટ્રેકમાં વચ્ચે ફસાઈ જવાના કારણે ૧૩ લોકોને ભારે જહેમત બાદ ક્રેનની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. પ્રાપ્ત માહિતી મુજબ સવારે ૮.૩૦ વાગ્યાની આસપાસ મોનોરેલ મુંબઈના ભક્તિપાર્ક વિસ્તારમાં થઈને પસાર થઈ રહી હતી ત્યારે આ ટ્રેન અચાનક રોકાઈ ગઈ હતી. ટ્રેનમાં બે કેપ્ટન ઉપરાંત ૧૧



યાત્રીઓ પણ હતા. વચ્ચે ફસાઈ ગયેલી ટ્રેનમાંથી બહાર નિકળવાના કોઈ રસ્તા દેખાઈ રહ્યા ન હતા. હકીકતમાં આ ટ્રેન એક સાંકડા માર્ગ ઉપર દોડે છે. માત્ર પ્લેટ ફોર્મ ઉપર જ વ્યક્તિ ઉતરી શકે છે. મળેલી માહિતી મુજબ વિજ પુરવઠો બંધ થઈ જવાના કારમે આ ઘટના ઘટી હતી. ઘણા સમય સુધી યાત્રીઓ ફસાયેલા રહ્યા હતા. મોડે સુધી યાત્રીઓ ફસાયેલા રહ્યા હતા પરંતુ ત્યારબાદ તેમને ક્રેનની મદદથી બહાર કાઢવામાં આવ્યા હતા. યાત્રીઓ અને કેપ્ટનને બારીમાંથી સુરક્ષિત બહાર કઢાયા હતા.

વર્ષ ૨૦૦૯માં શરૂ કરવામાં આવેલી મોનોરેલમાં ચાર કોચ છે. આ ટ્રેન ૨૦ કિલોમીટર લાંબા ટ્રેક ઉપર દોડે છે. વડાલાથી ચેમ્બુર જઈ રહી આ ટ્રેનમાં રવિવાર હોવાના કારણે ઓછા લોકો હતા. ચાલુ અથવા તો સામાન્ય દિવસ હોવાની સ્થિતિને તંત્રને વધારે મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હોત. જો કે, તમામને સુરક્ષિત બચાવી લેવામાં આવ્યા હતા.

## પાકિસ્તાને જીત મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં કરેલી કૂચ

એડિલેડ, તા. ૧૫

એડિલેડ ઓવર ખાતે આજે રમાયેલી આઈસીસી ક્રિકેટ વર્લ્ડકપની મહત્વની મેચમાં પાકિસ્તાને આયર્લેન્ડ ઉપર સાત વિકેટે જીત મેળવીને ક્વાર્ટર ફાઈનલમાં કુચ કરી લીધી હતી. પાકિસ્તાનની આ જીતમાં અમહેદ શહેઝાદ અને સરફરાજ અહેમદે ચાવીરુપ ભૂમિકા ભજવી હતી. સરફરાઝ અહેમદ સદી ફટકાર્યા બાદ અણનમ રહ્યો હતો જ્યારે અહેમદ શહેઝાદ ૬૩ રન બનાવ્યા બાદ આઉટ થયો હતો. પાકિસ્તાને સરળતાથી આ રન બનાવીને



ક્વાર્ટર ફાઈનલમાં કૂચ કરી હતી. પ્રથમ બેટિંગ કરતા આયર્લેન્ડની ટીમ ૫૦ ઓવરમાં ૨૩૭ રન બનાવી આઉટ થઈ ગઈ હતી. આયર્લેન્ડ તરફથી પોર્ટરફિલ્ડે ૧૦૭ રન બનાવ્યા હતા જેમાં ૧૧ ચોગ્ગા અને એક છગ્ગાનો સમાવેશ થાય છે. બાકીના બેટ્સમેનોનો ફ્લોપ શો રહ્યો હતો જેથી જંગી જુમલો ખડકવાની આશા ઉપર પાણી ફરી વળ્યું હતું. પાકિસ્તાન તરફથી વહાબ રિયાઝે ત્રણ વિકેટ ઝડપી હતી જ્યારે સોહેલ ખાન અને રાહત અલીએ બે બે વિકટ ઝડપી હતી. મેન ઓફ દ મેચ તરીકે સરફરાઝની પસંદગી કરાઈ હતી. ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડમાં બીજી વખત વર્લ્ડ કપનુ આયોજન કરવામાં આવ્યું છે. અગાઉ વર્ષ ૧૯૯૨માં આનુ આયોજન કરવામાં આવ્યું હતુ. વર્તમાન ચેમ્પિયન ભારત કપને જાળવી રાખવા માટે સજ્જ છે.વર્લ્ડ કપની મેચો ૨૯મી માર્ચ સુધી ચાલશે. તમામ મેચો ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના મેદાનમાં રમાશે.રાઉન્ડ રોબિન અને નોકઆઉટ ફોર્મેટના આધારે મેચો રમાનાર છે. ઈન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ દ્વારા ટુર્નામેન્ટ માટે કુલ ઈનામી રકમ ૧૦ કરોડ રૂપિયા રાખવામાં આવી છે. આજની મેચ પાકિસ્તાન માટે ખુબ જ મહત્વપૂર્ણ હતી. પાકિસ્તાન ક્વાર્ટર ફાઈનલમાં આવશે કે કેમ તેને લઈને હજુ સુધી ચિત્ર સ્પષ્ટ થઈ રહ્યું ન હતું પરંતુ આજે તેની જીત થઈ હતી.

## ડ્યુટીમાં ઘટાડો કરવાની ટેક્સટાઇલની ઉગ્ર માંગ

નવીદિલ્હી, તા. ૧૫

સાઉથ ઈન્ડિયન મિલ્સ એસોસિએશનના પ્રતિનિધિઓએ ટેક્સટાઈલ પ્રધાન સંતોષ ગંગવાર સાથે વાતચીત કરી છે અને એક્સાઈઝ અને ઈમ્પોર્ટ ડ્યુટીમાં ઘટાડાની માંગણી કરી છે. સાથે સાથે ઉંચા ફંડ ફાળવણીની પણ માંગ કરવામાં આવી છે. સાઉથ ઈન્ડિય મિલ્સ એસોસિએશનના ચેરમેન ટી રાજકુમારે માહિતી આપતા કહ્યું છે કે, લોકો દ્વારા બનાવવામાં આવતા ફાયબર ઉપર કેન્દ્રીય એક્સાઈઝ ડ્યુટી ૧૨ ટકાથી ઘટાડીને છ ટકા કરવામાં આવે તે જરૂરી છે. સાથે સાથે પાંચ ટકાની આયાત ડ્યુટી અને ચાર ટકાની ખાસ વધારાની ડ્યુટીને દૂર કરવામાં આવે તે પણ જરૂરી છે. આનાથી ભારતીય ટેક્સટાઈલ ઉદ્યોગની સ્થિતિ મજબૂત થશે. રાજકુમારનું કહેવું છે કે, લોકો દ્વારા બનાવવામાં આવતી ટેક્સટાઈલ પ્રોડક્ટને વધારે મહત્વ આપવાની જરૂર છે. ઈન્ડસ્ટ્રી દ્વારા ટેકનોલોજી અપગ્રેડેશન ફંડ સ્કીમ માટે ૩૫૦૦ કરોડની ફાળવણીની પણ માંગ કરી છે. કેન્દ્રીય બજેટમાં માત્ર ૧૫૨૦ કરોડ રૂપિયા જ ફાળવવામાં આવ્યા હતા જે ફંડની જરૂરિયાતને પહોંચી વળવાની સ્થિતિમાં નથી.

## ટોપ ૯ કંપનીઓની મૂડીમાં ૮૩,૨૦૯ કરોડનો ઘટાડો

મુંબઈ ,તા.૧૫

શેરબજારમાં છેલ્લા સપ્તાહના કારોબાર દરમિયાન સેંસેક્સની ૧૦ ટોપ કંપનીઓ પૈકીની નવ કંપનીઓની સંયુક્ત માર્કેટમૂડીમાં ૮૩૨૦૯ કરોડ સુધીનો ઘટાડો નોંધાયો છે. આઈટીની મહાકાય કંપની અને માર્કેટ મૂડીની દ્રષ્ટિએ પ્રથમ ક્રમાંક પર રહેલી ટીસીએસને આ ગાળા દરમિયાન સૌથી વધારે નુકસાન થયું છે. ૧૩મી માર્ચના દિવસે પુરા થયેલા સપ્તાહ દરમિયાન કોલ ઈન્ડિયા સિવાયની બાકીની નવ કંપનીઓની માર્કેટ મૂડીમાં ઘટાડો થયો છે. સેંસેક્સ છેલ્લા સપ્તાહ દરમિયાન ૯૪૬ પોઈન્ટ ઘટી ૨૮૫૦૩ની સપાટીએ રહ્યો હતો. ડિસેમ્બરના મધ્ય બાદથી સેંસેક્સમાં એક સપ્તાહ દરમિયાન સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો. ડિસેમ્બરના મધ્યમાં સેંસેક્સમાં ૧૧૦૭ પોઈન્ટ સુધીનો ઘટાડો થયો હતો. ટીસીએસની માર્કેટ મૂડીમાં ૨૨૫૮૪.૧૩ કરોડનો ઘટાડો થતાં તેની માર્કેટ મૂડી ઘટીને ૫૦૫૫૫૭.૪૯ કરોડ થઇ ગઇ છે. આરઆઈએલની માર્કેટમૂડીમાં ૧૧૦૬૭.૨૮ કરોડનો ઘટાડો થયો છે જેથી તેની માર્કેટ મૂડી ઘટીને ૨૭૫૦૮૧.૯૮ કરોડ થઇ ગઇ છે. એચડીએફસી બેંકે આ ગાળા દરમિયાન ૧૦૫૭૨.૩૭ કરોડ ગુમાવી દીધા છે જેથી તેની મૂડી ઘટીને ૨૬૧૨૬૫.૩૭ કરોડ થઇ ગઇ છે. એચડીએફસીની માર્કેટ મૂડી ૯૫૮૭.૯૭ કરોડ ઘટી છે જેથી તેની માર્કેટ મૂડી ૨૦૮૯૨૬.૦૭ કરોડ થઇ ગઇ છે. એસબીઆઈની માર્કેટ મૂડીમાં પણ કડાકો બોલાઈ ગયો છે. અન્ય જે કંપનીઓની માર્કેટ મૂડીમાં ઘટાડો થયો છે તેમાં આઈટીસી, સન ફાર્માનો સમાવેશ થાય છે. ઓએનજીસીની માર્કેટ મૂડીમાં પણ છેલ્લા સપ્તાહ દરમિયાન ૫૦૯૦.૫૧ કરોડનો ઘટાડો થયો છે. બીજી બાજુ સીઆઈએલની માર્કેટ મૂડીમાં છેલ્લા સપ્તાહ દરમિયાન ૪૭૩.૭૩ કરોડનો વધારો થયો છે. ટોપ ટેન વેલ્યુડ કંપનીઓની વાત કરવામાં આવે તો ટીસીએસ પ્રથમ ક્રમાંક ઉપર યથાવત છે જ્યારે આઈઆરએલ હવે બીજા ક્રમાંક પર છે. આઈટીસીની માર્કેટ મૂડી ઘટતા તે હવે ત્રીજા કમાંક પર ફેંકાઈ છે.

## મુઝફ્ફરનગર હિંસામાં પીડિતને પેન્શનના લાભ

મુઝફ્ફરનગર, તા.૧૫

ઉત્તરપ્રદેશ સરકારે મુઝફ્ફરનગર કોમી રમખાણના કારણે વિસ્થાપિત થયેલા બે હજાર લોકોને સમાજવાદી પેન્શન સ્કીમના લાભ આપવાનો નિર્ણય કર્યો છે. એડિશનલ ડિસ્ટ્રીક્ટ મેજિસ્ટ્રેટ ઇન્દ્રમણિ ત્રિપાઠી દ્વારા આ મુજબની જાહેરાત કરવામાં આવી છે. સમાજવાદી પેન્શન સ્કીમના લાભ જિલ્લામાં રમખાણના કારણે વિસ્થાપિત થયેલા પરિવારનો આપવામાં આવશે. જોલ્લા, પાલડી, શાફીપુર, લુઇ સરાઈ અને અન્ય વિસ્તારોમાં રમખાણોના કારણે વિસ્થાપિત થયેલા આશરે ૨૦૬૫ જેટલા લોકોને આ સુવિધા આપવા માટે ફોર્મ ભરવામાં આવી ચુક્યા છે જેની હવે ચકાસણી કરવામાં આવશે. ચકાસણી કરવામાં આવ્યા બાદ લાભ અપાશે. જિલ્લા સત્તાવાળાઓએ સમાજવાદી પેન્શન સ્કીમ માટે ૪૫૨૪૫ લોકોની ઓળખ કરી લીધી છે. આ સ્કીમમાં ૨૦૦૦ રમખાણ પીડિતોનો પણ સમાવેશ થાય છે.

## ટુજી કાંડ : રાજા, કાનીમોઝીના આજે નિવેદન નોંધાય તેવી વકી

નવીદિલ્હી, તા. ૧૫

ખાસ સીબીઆઈ અદાલત સમગ્ર દેશને હચમચાવી મુકનાર ટુજી કોંભાંડ સંબંધિત મની લોન્ડરિંગ કેસમાં ભૂતપૂર્વ ટેલિકોમ પ્રધાન એ. રાજા, ડીએમકેના સાંસદ કાનીમોઝી અને અન્ય ૧૭ સહિત આરોપીઓના નિવેદનની નોંધણીની પ્રક્રિયા શરૂ કરે તેવી શક્યતા છે. ખાસ સીબીઆઈ જજ ઓપી સૈનીએ ચોથી માર્ચના દિવસે ૧૯ આરોપીઓ તરફથી કેસ લડતા વકીલોને ૨૨૫ પાનામાં રહેલા ૪૦૦ પ્રશ્નો સાથે એક મુસદ્દા હેવાલ મોકલી આપ્યો હતો. સાથે સાથે મામલાની સુનાવણી આવતીકાલ પર રાખી હતી. તમામ લોકો કેસમાં ટ્રાયલનો સામનો કરી રહ્યા છે. ગયા વર્ષે ૨૫મી એપ્રિલના દિવસે ટેલિકોમ પ્રધાન એ. રાજા, ડીએમકેના સાંસદ કાનીમોઝી અને અન્ય ૧૭ લોકોના નામનો ઉલ્લેખ ઈડીની ચાર્જશીટમાં કરવામાં આવતા ખળભળાટ મચી ગયો હતો. ટુજી સ્પેક્ટ્રમ ફાળવણી કૌભાંડ કેસ સાથે સંબંધિત મની લોન્ડરીંગ કેસના મામલે એનફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા ખાસ અદાલતમાં ચાર્જશીટ દાખલ કરવામાં આવી હતી. ઈડીએ રજૂ કરેલી તેની ચાર્જશીટમાં ડીએમકેના વડા કરૂણાનીધિના પત્નિ દયાલુ અમ્મલ સ્વાન ટેલિકોમ પ્રાઈવેટ લિમિટેડના પ્રમોટર શાહીદ ઉસ્માન બલવા, વિનોદ ગોયન્કાનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો હતો. આ કેસમાં આરોપી તરીકે તેમનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો. એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે એસટીપીએલના પ્રમોટરો દ્વારા ૨૦૦ કરોડ રૂપિયાની ચુકવણી ડીએમકે દ્વારા ચલાવવામાં આવતી કલેગનર ટીવીને કરવામાં આવી હતી. અંતિમ રિપોર્ટમાં આ કેસમાં આરોપી તરીકે ૧૦ વ્યક્તિગતો અને નવ કંપનીઓના નામનો ઉલ્લેખ હતો. ઈડી દ્વારા મની લોન્ડરીંગ એક્ટની જોગવાઈ હેઠળ મની લોન્ડરીંગના ગુનાઓ બદલ તેમની સામે આરોપ મુક્યા હતા. કુસેગાંવ ફ્રુટ્સ એન્ડ વેજિટેબલ પ્રાઈવેટ લિમિટેડના ડિરેક્ટર આસીફ બલવા, રાજીવ અગ્રવાલ, બોલીવુડના ફિલ્મ નિર્માતા કરીમ મૌરાની, કલેગનર ટીવીના મેનેજિંગ ડિરેક્ટર શરદ કુમાર આ કેસમાં આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા હતા. ટુજી કૌભાંડ કેસમાં ટ્રાયલનો સામનો કરી રહેલા અન્યમાં રાજા, કાનીમોઝી, શાહીદ બલવા, વિનોદ ગોયન્કા, આસીફ બલવા, રાજીવ અગ્રવાલ, કરીમ મૌરાની અને શરદ કુમારનો સમાવેશ થાય છે.સીબીઆઈ દ્વારા બે ચાર્જશીટ દાખલ કરવામાં આવી ચુકી છે.